જીસ્વાનથી

ક્રમાંક;જી-૧/ક્રાઈમ/ટે-૨/રોલકોલ/૪૨૭૨/૨૦૧૦
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,
ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, સેક્ટર-૧૮,
ગાંધીનગર-૩૮૨૦૧૮
તા. ૪/૧૧/૨૦૧૦

**વિષય: પોલીસ થાણાઓમાં રોલકોલ, નાઈટ રાઉન્ડ તથા ઇન્વેસ્ટીગેશન શીફટ બાબતે.**

પરીપત્ર

રાજ્યમાં તમામ શહેર/જીલ્લાના પોલીસ સ્ટેશનોમાં રોલકોલ માટે પ્રર્વતમાન વ્યવસ્થા મુજબ સાંજે ૮ વાગ્યે પોલીસ કર્મચારીઓ માટે રોલકોલ યોજવામાં આવે છે અને નાઈટ રાઉન્ડ રાત્રે ૧૧ વાગ્યાથી શરૂ થાય છે.

**વિશેષ વિચારણા બાદ અત્રેથી પોલીસ થાણામાં રોલકોલ/નાઇટ રાઉન્ડના સમય બાબતે નીચે મુજબ ફેરફારોની સુચના આપવામાં આવે છે.**

રોલકોલ

(૧) આ સુચનાં જાહેર થયાં બાદથી રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં **રોલકોલનો સમય સાંજે ૭:૩૦થી ૯:૦૦** દરમ્યાનનો કોઇ પણ સમય થાણા અમલદારશ્રી નક્કી કરી શકશે તથા આ નક્કી કરેલ સમય દર અઠવાડીયે બદલવાનો રહશે, જેથી રોલકોલ સરપ્રાઇઝ રાખી શકાય. દરેક આગામી અઠવાડીયાના રોલકોલના સમયની આગોતરી જાણ થાણા અમલદારશ્રીએ પોલીસ અધિક્ષકશ્રી તથા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીને કરવાની રહશે.

(૨) સામાન્યતઃ **પોલીસ ચોકીનાં સ્ટાફને** ચોકી ઇન્ચાર્જશ્રીએ પોલીસ ચોકીમાં રોલકોલ લેવાનો રહેશે.

(૩) પોલીસ ચોકીના પોલીસ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓએ **દર ગુરૂવારે** પોલીસ ચોકીને બદલે પોલીસ સ્ટેશનના રોલકોલમાં હાજરી આપવાની રહેશે.

(૪) રાજયના તમામ **પોલીસ હેડકવાર્ટર**માં યોજવામાં આવતા રોલકોલનો સમય **સાંજનાં ૮ વાગ્યાનો** યથાવત રહેશે, પરંતુ સબંધિત જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે શહેર પોલીસ કમિશનરશ્રી આ સમયમાં યોગ્ય ફેરફાર કરી શકશે.

નાઈટ રાઉન્ડ

(૧) સામાન્યતઃ રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં નાઇટ રાઉન્ડ શરૂ થવાનો સમય **રાત્રીનાં ૧૧ વાગ્યાનો** રહેશે.

(૨) પોલીસ **કમિશનરેટ વિસ્તારો પૈકી મ્યુનિસીપલ કોર્પોરેશન વિસ્તાર**ની હકુમત ધરાવતાં પોલીસ સ્ટેશનોમાં નાઇટ રાઉન્ડમાં રવાનાં થવાનો સમય **રાત્રીનાં ૧૨ વાગ્યા**નો રહેશે.

(૩) ચોકી ડયુટીના સ્ટાફના પોલીસ કર્મચારીઓ **રાત્રે ૧૨ થી ૫** દરમ્યાન ચોકીને લોક કરીને નાઇટ રાઉન્ડ ચોકી વિસ્તારમાં ફરશે.

**<u>ઇન્વેસ્ટીગેશન શીફટ</u>**

(૧) પોલીસ થાણાના ઇન્વેસ્ટીગેશન શીફટના અધિકારી(પોસઇ/એએસઆઇ/હેકો)ને સરકારી મોટર સાઇકલ આપીને ઇન્વેસ્ટીગેશન શીફટ દરમ્યાન પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેવુ. તેઓએ પોતાનો મોબાઇલ ફોન ચાલુ રાખીને પેન્ડીગ તપાસોની કામગીરી કરવી. મોટરસાઇકલ ઇન્વેસ્ટીગેશન શીફટ ઇન્ચાર્જ અધિકારીશ્રી પોતે ચલાવતા ન હોઇ તો રાઇટર પો. કોન્સને ઇસ્યુ કરી શકાશે. નવી ફરીયાદની જાહેરાત આવતા, પીએસઓશ્રી ઇન્વે શીફટ ઇન્ચાર્જ શ્રીને મોબાઇલ ફોન પર જાણ કરશે. ત્યારે તુરંત જ ઇન્વે શીફટ સ્ટાફ પોસ્ટે આવશે અથવા બારોબાર ગુનાની જગ્યાએ જશે.

૫/૧૧/૧૦
(એસ.એસ.ખંડવાવાલા)
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી,
ગુ.રા., ગાંધીનગર.

પ્રતિ,
તમામ પોલીસ કમિશનરશ્રી,તમામ રેન્જવડાશ્રી,તમામ પોલીસ અધિક્ષકશ્રી (પ.રેલવે સહિત),
તમામ અધિક પોલીસ મહાનિદેશકશ્રી, ગુ.રા.,
તમામ પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા.,

પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધિક્ષકશ્રીએ આ હૂકમની નકલ તમામ પો.સ્ટે./શાખા/ચોકી /ઓ.પી. માં સર્ક્યુલેટ કરીને તેની નકલ પહોચની અવેજમાં અત્રેની કચેરીને મોકલવા સૂચના છે.

5.11.10
(સુધીર સિન્હા)
અધિક પોલીસ મહાનિદેશક
(કા.વ્ય) ગુ.રા., ગાંધીનગર

RR (PSE)
3rd NOV.